આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહીચ્છા

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **05-04-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## <u>ચૂંટણી કેન્દ્ર શાસિત પ્રદેશો</u>

લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાનો ગઇકાલે છેલ્લો દિવસ હતો, આજે તેમની ચકાસણી થશે.

જોકે જમ્મુ અને કાશ્મીરની બેઠક માટેના ઉમેદવારીપત્રોની ચકાસણી છઠ્ઠી એપ્રિલે હાથ ધરાશે. 26મી એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની લોકસભાની 22, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર દરેકની આઠ આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહાર દરેકની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમા 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા અને જમ્મુ કાશ્મીરની દરેકની એક બેઠકની ચૂંટણી યોજાશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

**RNU** અમદાવાદ

------------------------------------------------------------------------

## રાજ્યમાં સામાન્ય ચૂંટણી

રાજયમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીના સંદર્ભે વિવિધ સ્થળોએ મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જે અંતર્ગત કચ્છ જીલ્લામાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત આદિપુર ખાતે જિલ્લા ચૂંટણી કચેરી દ્વારા બનાવવામાં આવેલા સેલ્ફી પોઇન્ટના માધ્યમથી મતદાન જાગૃતિ અંગે પ્રવૃતિઓ યોજવામાં આવી હતી.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## ચૂંટણી વોટ્સએપ

ચૂંટણી પંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ પર મૂકવામાં આવેલા સરકારી કર્મચારીઓના મતદાન અંગેના સંદેશાને અસત્ય ગણાવ્યો છે. આ સંદેશામાં સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકતા નથી. એવી વિગતો આપવામાં આવી છે. ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે, ચૂંટણી ફરજ બજાવતા અને પાત્રતા ધરાવતા અધિકારીઓ નિર્ધારિત મતદાન સુવિધા કેન્દ્રો પરથી પોસ્ટલ બેલેટ વડે મતદાન કરી શકે છે. ચૂંટણીપંચે લોકોને આ પ્રકારની ગેરમાર્ગે દોરનાર સંદેશાઓથી સાવચેત રહેવા જણાવ્યું છે અને અધિકૃત

માહિતી માટે નાગરિકોને ચૂંટણીપંચની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવાનો નિર્દેશ આપ્યો છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## કોંગ્રેસ ઉમેદવાર

ગુજરાતમાં કોંગ્રેસે લોકસભાની બેઠક માટે વધુ 3 ઉમેદવારોના નામો જાહેર કર્યા છે. જેમાં વડોદરા, જૂનાગઢ અને સુરેન્દ્રનગરની બેઠકોના ઉમેદવારોનો સમાવેશ થાય છે. કોંગ્રેસે અત્યાર સુધી ગુજરાતની 26 બેઠકો પૈકી 22 ઉમેદવારોનાં નામો જાહેર કર્યા છે.

ચંદ્રવદન પટ્ટણી

--------------------------------------------------------------------

## આઇપીએલ

આઇપીએલની રસાકસીભરી મેચમાં પંજાબ કિંગ્સની ટીમે ગુજરાત ટાઇટન્સ ટીમને  3 વિકેટે હરાવી મહત્વની સફળતા મેળવી હતી. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાતની ટીમે 4 વિકેટના ભોગે 199 રન કર્યા હતા. જવાબમાં પંજાબની ટીમે 7, વિકેટ ગુમાવી 200 રનનું વિજયી લક્ષ્યાંક પાર કર્યું હતું.

ચંદ્રવદન પટ્ટણી

--------------------------------------------------------------------

## દિવ્યાંગ મતદાર

કેન્દ્રિય ચૂંટણીપંચે દિવ્યાંગ અને 85 વર્ષથી વધુ વરિષ્ઠ નાગરિકોને મતદાનમાં સરળતા રહે તે માટે વોટ ફ્રોમ હોમ એટલે કે, પોતાના નિવાસ્થાનથી મતદાનની સુવિધા આપતી પહેલ શરૂ કરી છે. આશરે 82 લાખ વરિષ્ઠ નાગરિકો અને 88 લાખ દિવ્યાંગ નાગરિકો આ સુવિધાનો લાભ મેળવી શકશે. આ સુવિધા હેઠળ બે ચૂંટણી અધિકારીઓ અને વિડિયોગ્રાફર તેમજ સલામતીદળોની બનેલી ટીમ ઘરેથી મતદાન કરાવવા સંબંધિત મતદારોનો સંપર્ક કરશે.

આ ઉપરાંત સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સરળ બનાવવા ચૂંટણીપંચે સક્ષમ એપ શરૂ કરી છે. જેમાં મતદારોને નોંધણી માટે સહાય, મતદાનમથકે સુવિધાઓ, મતદાન અંગે માર્ગદર્શન જેવી માહીતી મળી રહે છે..

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## હવામાન

રાજયમાં મોટાભાગના સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ત્રણ ડીગ્રી ઓછું જયારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી ચાર ડીગ્રી વધુ નોંધાયું છે. આ ઉપરાંત ભૂજમાં 37 જયારે

નલિયામાં લઘુત્તમ તાપમાન 24 ડીગ્રી નોંધાયું જે સામાન્ય કરતાં 4 ડીગ્રી વધુ હતું, પશ્ચિમી વિક્ષોભની અસર તળે  પશ્ચિમ કચ્છના વાતવરણમાં આજે સવારથી પલટો જોવા મળ્યો છે. સવારથી જ ઘણી જગ્યાએ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. અને ભૂજ સહિત કેટલાંક વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો.

**RNU અમદાવાદ**

---

## પાકને નુકસાન

પશ્ચિમી વિક્ષોભના પગલે રાજ્યની સાથે કચ્છના વાતાવરણમાં અચાનક પલટો આવતાં કેસર કેરીનો પાક લેતા કિસાનો ચિંતિત બન્યા છે. આ અંગે ખેડૂતે જણાવ્યું કે, વાતાવરણમાં આવેલ પલટાના કારણે માવઠું થાય અથવા સામાન્ય ઝાપટું પણ પડે તો કેસર કેરીના ફળને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ગત પખવાડિયે વાતાવરણની વિષમતા, દિવસે વધુ પડતી ગરમી અને રાત્રે ઠંડકના કારણે કેરીના વૃક્ષ પરથી 10% જેટલો ફાલ ખરી ગયો છે. જો હાલ માવઠું થાય તો બીજા દસ ટકા જેટલો નુકસાન થઈ શકે.

**N.P. કૃપાલી મહીચ્છા**

---